શ્રીમદ્ભગવદ્ગીતા- અક્ષરબ્રહ્મયોગ

(આઠમો અધ્યાય)

(શ્રીપુરુષોત્તમજીકૃત 'અમૃતતરંગિણી' તથા
શ્રીવલ્લભજીકૃત 'તત્ત્વદીપિકા'ના આધારે અન્વય તથા
સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

'શ્રીરાધાકૃષ્ણકુંજ' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal@gmail.com**

શ્રીમદ્ભગવદ્ગીતા- અક્ષરબ્રહ્મયોગ

(આઠમો અધ્યાય)

અથ અષ્ટમોઽધ્યાયઃ

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

**કિં તદ્ બ્રહ્મ કિમધ્યાત્મં કિં કર્મ પુરુષોત્તમ ।
અધિભૂતં ચ કિં પ્રોક્તં અધિદૈવં કિમુચ્યતે ॥ ૧ ॥
અધિયજ્ઞઃ કથં કોઽત્ર દેહેઽસ્મિન્ મધુસૂદન ।
પ્રયાણકાલે ચ કથં જ્ઞેયોઽસિ નિયતાત્મભિઃ ॥ ૨ ॥**

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

**અક્ષરં બ્રહ્મ પરમં સ્વભાવોઽધ્યાત્મમુચ્યતે ।
ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ કર્મસંજ્ઞિતઃ ॥ ૩ ॥
અધિભૂતં ક્ષરો ભાવઃ પુરુષશ્ચાધિદૈવતમ્ ।
અધિયજ્ઞોઽહમેવાત્ર દેહે દેહભૃતાં વર ॥ ૪ ॥
અન્તકાલે ચ મામેવ સ્મરન્ મુક્ત્વા કલેવરમ્ ।
યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ॥ ૫ ॥
યં યં વાપિ સ્મરન્ ભાવં ત્યજત્યન્તે કલેવરમ્ ।
તં તમેવૈતિ કૌન્તેય ! સદા તદ્ ભાવભાવિતઃ ॥ ૬ ॥
તસ્માત્ સર્વેષુ કાલેષુ મામ્ અનુસ્મર યુદ્ધ્ય ચ ।
મય્યર્પિતમનોબુદ્ધિઃ મામેવૈષ્યસ્યસંશયમ્ ॥ ૭ ॥**

અભ્યાસયોગયુક્તેન ચેતસા નાન્યગામિના ।
પરમં પુરુષં દિવ્યં યાન્તિ પાર્થાનુચિન્તયન્ ॥ ૮ ॥
કવિં પુરાણં અનુશાસિતારં
અણોરણીયાંસ મનુસ્મરેદ્‌યઃ ।
સર્વસ્ય ધાતાર મચિન્ત્યરૂપં
આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ॥ ૯॥
પ્રયાણક્યાલે મનસાડચલેન
ભક્ત્યા યુક્તો યોગબલેન ચૈવ ।
ભ્રુવોર્મધ્યે પ્રાણમાવેશ્ય સમ્યક્
સ તં પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ ॥ ૧૦ ॥
યદક્ષરં વેદવિદો વદન્તિ
વિશન્તિ યદ્યતયો વીતરાગાઃ ।
યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ
તત્તે પદં સંગ્રહેણ પ્રવક્ષ્યે ॥ ૧૧ ॥
સર્વદ્વારાણિ સંયમ્ય મનો હૃદિ નિરુદ્ધ્ય ચ ।
મૂર્ધ્ન્યાધાયાત્મનઃ પ્રાણમાસ્થિતો યોગધારણામ્ ॥ ૧૨ ॥
ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્ મામનુસ્મરન્ ।
યઃ પ્રયાતિ ત્યજન્ દેહં સ યાતિ પરમાં ગતિમ્ ॥ ૧૩ ॥
અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।
તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥ ૧૪ ॥
મામુપેત્ય પુનર્જન્મ દુઃખાલયમશાશ્વતમ્ ।

નાપ્નુવન્તિ મહાત્માનઃ સંસિદ્ધિં પરમાં ગતાઃ ॥ ૧૫ ॥
આ બ્રહ્મભુવનાલ્લોકાઃ પુનરાવિર્તનોડર્જુન ।
મામુપેત્ય તુ કૌન્તેય પુનર્જન્મ ન વિદ્યતે ॥ ૧૬ ॥
સહસ્રયુગપર્યન્તમહર્યદ્‌બ્રહ્મણો વિદુઃ ।
રાત્રિં યુગસહસ્રાન્તાં તેડહોરાત્રવિદો જનાઃ ॥ ૧૭ ॥
અવ્યક્તાદ્‌વ્યક્તયઃ સર્વાઃ પ્રભવન્ત્યહરાગમે ।
રાત્ર્યાગમે પ્રલીયન્તે તત્રૈવાવ્યક્તસંજ્ઞકે ॥ ૧૮ ॥
ભૂતગ્રામઃ સ એવાયં ભૂત્વા ભૂત્વા પ્રલીયતે ।
રાત્ર્યાગમેડવશઃ પાર્થ પ્રભવત્યહરાગમે ॥ ૧૯ ॥
પરસ્તસ્માત્તુ ભાવોડન્યોડવ્યક્તોડવ્યક્તાત્ સનાતનઃ ।
યઃ સ સર્વેષુ ભૂતેષુ નશ્યત્સુ ન વિનશ્યતિ ॥ ૨૦ ॥
અવ્યક્તોડક્ષર ઈત્યુક્તઃ તમાહુઃ પરમાં ગતિમ્ ।
યં પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥ ૨૧ ॥
પુરુષઃ સ પરઃ પાર્થ ભક્ત્યા લભ્યસ્ત્વનન્યયા ।
યસ્યાન્તઃસ્થાનિ ભૂતાનિ યેન સર્વમિદં તતમ્ ॥ ૨૨ ॥
યત્ર કાલે ત્વનાવૃત્તિમાવૃત્તિં ચૈવ યોગિનઃ ।
પ્રયાતા યાન્તિ તં કાલં વક્ષ્યામિ ભરતર્ષભ ॥ ૨૩ ॥
અગ્નિર્જ્યોતિરહઃ શુક્લઃ ષણ્માસા ઉત્તરાયણમ્ ।
તત્ર પ્રયાતા ગચ્છન્તિ બ્રહ્મ બ્રહ્મવિદો જનાઃ ॥ ૨૪ ॥
ધૂમો રાત્રિઃ તથા કૃષ્ણઃ ષણ્માસા દક્ષિણાયનમ્ ।

તત્ર ચાન્દ્રમસં જયોતિઃ યોગી પ્રાપ્ય નિવર્તતે ॥ ૨૫॥
શુક્લ કૃષ્ણે ગતી હ્યેતે જગતઃ શાશ્વતે મતે ।
એકયા યાત્યનાવૃત્તિં અન્યયાવર્તતે પુનઃ ॥ ૨૬ ॥
નૈતે સૃતી પાર્થ જાનન્ યોગી મુહ્યતિ કશ્ચન ।
તસ્માત્ સર્વેષુ કાલેષુ યોગયુક્તો ભવાર્જુન ॥ ૨૭॥
વેદેષુ યજ્ઞેષુ તપસ્સુ ચૈવ
        દાનેષુ યત્ પુણ્યફલં પ્રદિષ્ટમ્ ।
અત્યેતિ તત્ સર્વમિદં વિદિત્વા
        યોગી પરં સ્થાનમુપૈતિ ચાદ્યમ્ ॥ ૨૮ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અક્ષરબ્રહ્મયોગો નામ અષ્ટમોઽધ્યાયઃ ॥ ૮ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ અષ્ટમોઽધ્યાયઃ

(ગીતાનો આઠમો અધ્યાય)

અક્ષરબ્રહ્મયોગ

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

(સાતમા અધ્યાયમાં જે બ્રહ્મનું પ્રતિપાદન ભગવાને કર્યું તે બ્રહ્મ શું છે તે જાણવાની જિજ્ઞાસાથી અર્જુન ભગવાનને પ્રશ્ન પૂછે છે)

કિં તદ્ બ્રહ્મ કિમધ્યાત્મં કિં કર્મ પુરુષોત્તમ ।
અધિભૂતં ચ કિં પ્રોક્તં અધિદૈવં કિમુચ્યતે ॥ ૧ ॥

અન્વય	અર્થ
પુરુષોત્તમ !	હે પુરુષોત્તમ ! (હે પ્રભો ! આપ જ પુરુષોત્તમ છો, આપનાથી બીજું કોઈ પર હોઈ શકતું નથી તો પછી સાતમા અધ્યાયમા ‘તે બ્રહ્મ તદ્ વિદુઃ કૃત્સ્નમ્’ (ગી. ૭-૨૯) એમ ત્યાં તે બ્રહ્મ એમ પોતાનાથી અલગ બ્રહ્મનો નિર્દેશ કેમ કર્યો છે ?)
તદ્	તે (આપે સાતમા અધ્યાયમાં જાણાવેલ તે)
બ્રહ્મ	(જાણવા યોગ્ય - આધિદૈવિક સ્વરૂપ) બ્રહ્મ
કિમ્	શું છે ? (અને અધ્યાત્મ વગેરે તો આધિદૈવિકથી હીન છે, તો પછી)
અધ્યાત્મમ્	(જાણવા યોગ્ય એવું) અધ્યાત્મ
કિમ્	શું છે ? (તથા)

કર્મ	(ઘણા બધા પ્રકારનાં કર્મોમાં જાણવા યોગ્ય) કર્મ
કિમ્	શું છે ?
ચ	અને
અધિભૂતમ્	(જે) અધિભૂત (નામે જાણવાયોગ્ય રૂપમાં આપે ‘સાધિભૂતાધિદૈવમ્’ વાક્યોથી)
પ્રોક્તમ્	જણાવ્યું છે (તે)
કિમ્	શું છે ?
અધિદૈવમ્	(આપનું સ્વરૂપ જ આધિદૈવિક છે તો પછી તેથી અન્ય-બીજું) અધિદૈવ નામે
કિમ્	શું (છે) - કોને
ઉચ્યતે	કહેવામાં આવે છે ? ॥ ૧ ॥

ભાવાર્થ – (સાતમા અધ્યાયમાં જે બ્રહ્મનું પ્રતિપાદન ભગવાને કર્યું તે બ્રહ્મ શું છે તે જાણવાની જિજ્ઞાસાથી અર્જુન ભગવાનને પ્રશ્ન પૂછે છે) હે પુરુષોત્તમ ! (હે પ્રભો ! આપ જ પુરુષોત્તમ છો, આપનાથી બીજું કોઇ પર હોઈ શકતું નથી તો પછી સાતમા અધ્યાયમા ‘તે બ્રહ્મ તદ્ વિદુઃ કૃત્સ્નમ્’ (ગી. ૭-૨૯) એમ ત્યાં તે બ્રહ્મ એમ પોતાનાથી અલગ બ્રહ્મનો નિર્દેશ કેમ કર્યો છે ?) તે (આપે સાતમા અધ્યાયમાં જણાવેલ તે) (જાણવા યોગ્ય - આધિદૈવિક સ્વરૂપ) બ્રહ્મ શું છે ? (અને અધ્યાત્મ વગેરે તો આધિદૈવિકથી હીન છે, તો પછી) (જાણવા યોગ્ય એવું) અધ્યાત્મ શું છે ? (તથા) (ઘણા બધા પ્રકારનાં કર્મોમાં જાણવા યોગ્ય) કર્મ શું છે ? અને (જે) અધિભૂત (નામે જાણવાયોગ્ય રૂપમાં આપે ‘સાધિભૂતાધિદૈવમ્’ વાક્યોથી) જણાવ્યું છે (તે) શું છે ? (આપનું સ્વરૂપ જ આધિદૈવિક છે તો પછી તેથી અન્ય-બીજું) અધિદૈવ નામે શું (છે) - કોને કહેવામાં આવે છે ? ॥ ૧ ॥

અધિયજ્ઞઃ કથં કોઽત્ર દેહેઽસ્મિન્ મધુસૂદન ।
પ્રયાણકાલે ચ કથં જ્ઞેયોઽસિ નિયતાત્મભિઃ ॥ ૨ ॥

અન્વય	અર્થ
મધુસૂદન !	હે મધુસૂદન ! (હે સર્વ અરિષ્ટોનું નિવારણ કરનારા !),
અધિયજ્ઞઃ	અધિયજ્ઞ (યજ્ઞના અધિષ્ઠાતા-ફલ આપનાર)
કઃ	કોણ છે ? (અને)
અત્ર	(કહેવાઇ ગયેલા પ્રકારોમાં) આ
દેહે	દેહમાં-શરીરમાં
કથમ્	કયા પ્રકારે-કેવી રીતે (આપ જાણી શકાઓ છો ?)
ચ	તેમજ
નિયત-આત્મભિઃ	પોતાનું અન્તઃકરણ પોતાના વશમાં રાખનારા એવા એકચિત્ત લોકો દ્વારા
પ્રયાણકાલે	પ્રયાણકાલમાં-દેહત્યાગ સમયે
કથમ્	(પૂર્વમાં કહેવાઇ ગયેલા પ્રકારોમાં) કયા પ્રકારે
જ્ઞેયઃ અસિ	આપ જાણી શકાઓ છો ? (તે સમયે આપને કયા પ્રકારે જાણવા જોઈએ ?) ॥ ૨ ॥

ભાવાર્થ – હે મધુસૂદન ! (હે સર્વ અરિષ્ટોનું નિવારણ કરનારા !), અધિયજ્ઞ (યજ્ઞના અધિષ્ઠાતા-ફલ આપનાર) કોણ છે ? (અને) (કહેવાઇ ગયેલા પ્રકારોમાં) આ દેહમાં-શરીરમાં કયા પ્રકારે-કેવી રીતે (આપ જાણી શકાઓ છો ?) તેમજ પોતાનું અન્તઃકરણ પોતાના વશમાં રાખનારા એવા એકચિત્ત લોકો દ્વારા પ્રયાણકાલમાં-દેહત્યાગ સમયે (પૂર્વમાં

કહેવાઈ ગયેલા પ્રકારોમાં) કયા પ્રકારે આપ જાણી શકાઓ છો ? (તે સમયે આપને કયા પ્રકારે જાણવા જોઈએ ?) ॥ ૨ ॥

શ્રીભગવાન ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

અક્ષરં બ્રહ્મ પરમં સ્વભાવોઽધ્યાત્મમુચ્યતે ।
ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ કર્મસંજ્ઞિતઃ ॥ ૩ ॥

અન્વય	અર્થ
અક્ષરમ્	જે ક્ષરણશીલ નથી - જે પ્રવાહી નથી, જેનો નાશ નથી તેવું, સદા એક રસ, પુરુષોત્તમચરણાત્મક, ભક્ત હૃદયથી ક્યારેય નહીં ખસનારું-સ્થિર ,અગણિતાનન્દ, અક્ષર
પરમમ્	‘પરઃ પુરુષોત્તમઃ મીયતે અસ્મિન્’ જેમાં પુરુષોત્તમ જાણી શકાય છે તે (પુરુષોત્તમથી અભિન્ન અક્ષર પરમનામે કહેવાય છે તે),
બ્રહ્મ	વિશાલ અને સર્વત્ર વ્યાપક બ્રહ્મ,
સ્વભાવઃ	(તે જ અક્ષર બ્રહ્મ) (ભગવાનની દાસ્ય વગેરે સેવાની સિદ્ધિ અર્થે જીવરૂપે થયા તે) સ્વભાવ-જીવભાવ
અધ્યાત્મમ્	(કોઈ પણ પ્રકારના વિકાર વિનાના અવિકૃત સેવાયોગ્ય સૂક્ષ્મ ૧૦-ઈન્દ્રિયો, ૫-પ્રાણ અને મન એમ સોળ કળાવાળા દેહના અધિકરણમાં રહીને તે અનુભવમાં વર્તનારો જીવભાવ) અધ્યાત્મનામે
ઉચ્યતે	કહેવાય છે,
ભૂતભાવોદ્ભવકરઃ	(ભૂતાનાં જીવાનાં ભાવસ્ય ભગવદ્રસરૂપસ્ય ઉદ્ભવકરઃ પ્રકટકારકઃ યઃ) ભૂતોનાં એટલે કે જીવોના ભાવને એટલે કે ભગવદ્રસરૂપને ઉદ્ભવ કરનાર એટલે કે પ્રકટ કરનાર જે
વિસર્ગઃ	(લૌકિક નહીં પરન્તુ અલૌકિક ભગવદીય દ્રવ્યનો ભગવાન અર્થે ભગવાનમાં વિનિયોગ કરવાના સ્વરૂપનો જે વિશેષ પ્રકારની ક્રિયા સ્વરૂપનો) સર્ગ-સર્જન,
કર્મસંજ્ઞિતઃ	કર્મ નામે જાણવામાં આવે છે ॥ ૩ ॥

ભાવાર્થ – જે ક્ષરણશીલ નથી - જે પ્રવાહી નથી, જેનો નાશ નથી તેવું, સદા એક રસ, પુરુષોત્તમચરણાત્મક, ભક્ત હૃદયથી ક્યારેય નહીં ખસનારું-સ્થિર ,અગણિતાનન્દ, અક્ષર ‘પરઃ પુરુષોત્તમઃ મીયતે અસ્મિન્’ જેમાં પુરુષોત્તમ જાણી શકાય છે તે (પુરુષોત્તમથી અભિન્ન અક્ષર પરમનામે કહેવાય છે તે) વિશાલ અને સર્વત્ર વ્યાપક બ્રહ્મ, (તે જ અક્ષર બ્રહ્મ) (ભગવાનની દાસ્ય વગેરે સેવાની સિદ્ધિ અર્થે જીવરૂપે થયા તે) સ્વભાવ-જીવભાવ (કોઈ પણ પ્રકારના વિકાર વિનાના અવિકૃત સેવાયોગ્ય સૂક્ષ્મ ૧૦-ઈન્દ્રિયો, ૫-પ્રાણ અને મન એમ સોળ કળાવાળા દેહના અધિકરણમાં રહીને તે અનુભવમાં વર્તનારો જીવભાવ) અધ્યાત્મનામે કહેવાય છે, (ભૂતાનાં જીવાનાં ભાવસ્ય ભગવદ્રસરૂપસ્ય ઉદ્ભવકરઃ પ્રકટકારકઃ યઃ) ભૂતોનાં એટલે કે જીવોના ભાવને એટલે કે ભગવદ્રસરૂપને ઉદ્ભવ કરનાર એટલે કે પ્રકટ કરનાર જે (લૌકિક નહીં પરન્તુ અલૌકિક ભગવદીય દ્રવ્યનો ભગવાન અર્થે ભગવાનમાં વિનિયોગ કરવાના સ્વરૂપનો જે વિશેષ પ્રકારની ક્રિયા સ્વરૂપનો) સર્ગ-સર્જન, કર્મ નામે જાણવામાં આવે છે ॥ ૩ ॥

અધિભૂતં ક્ષરો ભાવઃ પુરુષશ્ચાધિદૈવતમ્ ।
અધિયજ્ઞોઽહમેવાત્ર દેહે દેહભૃતાં વર ॥ ૪ ॥

અન્વય	અર્થ
ક્ષરઃ ભાવઃ	ક્ષરણશીલ સ્વભાવવાળો-નશ્વર-ભૌતિક પદાર્થ સ્વરૂપનો

	(ભગવદ્ વિપ્રયોગના તાપની અધિકતામાં નાશભાવયુક્ત) દેહ,
અધિભૂતમ્	જીવમાત્રને અધિકરણમાં રાખીને બનેલો (દાસ્ય-સેવા માટે જેનો આવિર્ભાવ છે તેવા ભગવદંશને વિપ્રયોગના તાપ અર્થે પ્રકટ કરાયેલો) અધિભૂત છે,
ચ	અને
પુરુષઃ	જીવ-હૃદયમાં રહેલો આનન્દાત્મક ભગવદ્ભાવ-પુરુષ (તે)
અધિદૈવતમ્	અધિદૈવ છે,
દેહભૃતાં વર	હે દેહધારણ કરેલાઓમાં શ્રેષ્ઠ ! (હે મારી સેવામાં ઉપયોગી સામર્થ્યથી યુક્ત !)
અત્ર	અહીં (જગતમાં)
દેહે	દેહના નિમિત્તથી (થનારી સેવામાં ઉપયોગી ઉપચય અર્થે)
અહમ્	હું
એવ	જ
અધિયજ્ઞઃ	યજ્ઞાદિ કર્માત્મક અને તેનાં પ્રવર્તક રૂપમાં છું ॥ ૪ ॥

ભાવાર્થ – ક્ષરણશીલ સ્વભાવવાળો-નશ્વર-ભૌતિક પદાર્થ સ્વરૂપનો (ભગવદ્ વિપ્રયોગના તાપની અધિકતામાં નાશભાવયુક્ત) દેહ જીવમાત્રને અધિકરણમાં રાખીને બનેલો (દાસ્ય-સેવા માટે જેનો આવિર્ભાવ છે તેવા ભગવદંશને વિપ્રયોગના તાપ અર્થે પ્રકટ કરાયેલો) અધિભૂત છે અને જીવ- હૃદયમાં રહેલો આનન્દાત્મક ભગવદ્ભાવ-પુરુષ (તે) અધિદૈવ છે, હે દેહધારણ કરેલાઓમાં શ્રેષ્ઠ ! (હે મારી સેવામાં ઉપયોગી સામર્થ્યથી યુક્ત !) અહીં (જગતમાં) દેહના નિમિત્તથી (થનારી સેવામાં ઉપયોગી ઉપચય અર્થે) હું જ યજ્ઞાદિ કર્માત્મક અને તેનાં પ્રવર્તક રૂપમાં છું ॥ ૪ ॥

પ્રયાણકાલમાં આપ કેવી રીતે જ્ઞેય છો તેનો ઉત્તર આપે છે -

અન્તકાલે ચ મામેવ સ્મરન્ મુક્ત્વા કલેવરમ્ ।
યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ॥ ૫ ॥

અન્વય	અર્થ
અન્તકાલે	આ દેહના અવસાન સમયે (અથવા અન્તરૂપ અન્તિમ જન્મના દેહનો નાશ સમય પ્રાપ્ત થતાં)
મામ્	મને
એવ	જ
સ્મરન્	સ્મરતાં (મારું જ સ્મરણ કરતાં)
યઃ	જે
કલેવરમ્	(ભજન-સેવા માટે અયોગ્ય એવા) મૃત શરીરને
મુક્ત્વા	ત્યાગીને
પ્રયાતિ	જાય છે
સઃ	તે
મદ્ભાવમ્	મારા ભાવરૂપ સેવામાં ઉપયોગી સ્વરૂપને
યાતિ	પ્રાપ્ત કરે છે
અત્ર	અહીં - આ વાતમાં

સંશયઃ	(કોઈ પણ પ્રકારનો) સંશય
ન અસ્તિ	નથી ।। ૫ ।।

ભાવાર્થ – આ દેહના અવસાન સમયે (અથવા અન્તરૂપ અન્તિમજન્મના દેહનો નાશ સમય પ્રાપ્ત થતાં) મને જ સ્મરતાં (મારું જ સ્મરણ કરતાં) જે (ભજન-સેવા માટે અયોગ્ય એવા) મૃત શરીરને ત્યાગીને જાય છે તે મારા ભાવરૂપ સેવામાં ઉપયોગી સ્વરૂપને પ્રાપ્ત કરે છે અહીં - આ વાતમાં (કોઈ પણ પ્રકારનો) સંશય નથી ।। ૫ ।।

યં યં વાપિ સ્મરન્ ભાવં ત્યજત્યન્તે કલેવરમ્ ।
તં તમેવૈતિ કૌન્તેય ! સદા તદ્ ભાવભાવિતઃ ।। ૬ ।।

અન્વય	અર્થ
કૌન્તેય !	(જે અન્યભાવોનું સ્મરણ કરવાને અયોગ્ય છે એવા) હે કુન્તિપુત્ર!
યમ્	જેને
યમ્	જેને
વા અપિ	પણ
ભાવમ્	ભાવને (બીજા-બીજા દેવતાઓને અથવા પોતાને અભિલષિત કોઈ પણ જીવસ્વરૂપને)
સ્મરન્	સ્મરણ કરતાં
અન્તે	અન્તકાલ સમયે
કલેવરમ્	શરીરને
ત્યજતિ	ત્યાગે છે (તે)

તમ્	તેના
તમ્	તેના
એવ	જ (સારૂપ્યને)
એતિ	પ્રાપ્ત કરે છે, (અન્તકાલે અતિ વિકલતામાં આવું સ્મરણ કઈ રીતે થાય ? તો કહે છે -)
સદા	નિરંતર
તદ્ભાવ-ભાવિતઃ	તે ભાવનું ભાવન કરતાં જે ભાવિત થયો છે (તેને અન્તકાલે પણ તેનું જ સ્મરણ થાય છે) ।। ૬ ।।

ભાવાર્થ – (જે અન્યભાવોનું સ્મરણ કરવાને અયોગ્ય છે એવા) હે કુન્તિપુત્ર! જેને જેને પણ ભાવને (બીજા-બીજા દેવતાઓને અથવા પોતાને અભિલષિત કોઈ પણ જીવસ્વરૂપને) સ્મરણ કરતાં અન્તકાલ સમયે શરીરને ત્યાગે છે (તે) તેના તેના જ (સારૂપ્યને) પ્રાપ્ત કરે છે, (અન્તકાલે અતિ વિકલતામાં આવું સ્મરણ કઈ રીતે થાય ? તો કહે છે -) નિરંતર તે ભાવનું ભાવન કરતાં જે ભાવિત થયો છે (તેને અન્તકાલે પણ તેનું જ સ્મરણ થાય છે) ।। ૬ ।।

તસ્માત્ સર્વેષુ કાલેષુ મામ્ અનુસ્મર યુદ્ધ્ય ચ ।
મય્યર્પિતમનોબુદ્ધિઃ મામેવૈષ્યસ્યસંશયમ્ ।। ૭ ।।

અન્વય	અર્થ
તસ્માત્	તેથી (છઠ્ઠા શ્લોકમાં બતાવાયેલા કારણે)
સર્વેષુ	સર્વ
કાલેષુ	સમયે (લૌકિક-વૈદિક ક્રિયા યોગ્ય સર્વ સમયે)

મયિ	મારામાં(મને)
અર્પિત	અર્પણ કરાયેલ
મનઃ	(ચંચલતા વગેરે દોષ નિવારણ અર્થે) મન (અને)
બુદ્ધિઃ	(ભગવાનથી ઈતર પ્રયોજનના અન્ય વ્યવસાય દોષ નિવારણ અર્થે) બુદ્ધિ (જેની છે તેવો થઈને)
મામ્	મારું
અનુસ્મર	ચિન્તન કર
ચ	અને
યુદ્ધ્ય	સદ્ભાવના વડે -મારી આજ્ઞા વડે યુદ્ધ (પણ) કર (આ પ્રકારે મારા અનુસ્મરણ વડે)
અસંશયમ્	કોઈ પણ પ્રકારના સંદેહ વિના
મામ્	મને
એવ	જ (પુરુષોત્તમને જ)
એષ્યસિ	પ્રાપ્ત થશે (અક્ષરાદિ રૂપને પ્રાપ્ત નહીં થશે) ।। ૭ ।।

ભાવાર્થ – તેથી (છઠ્ઠા શ્લોકમાં બતાવાયેલા કારણે) સર્વ સમયે (લૌકિક-વૈદિક ક્રિયા યોગ્ય સર્વ સમયે) મારામાં(મને) અર્પણ કરાયેલ (ચંચલતા વગેરે દોષ નિવારણ અર્થે) મન (અને) (ભગવાનથી ઈતર પ્રયોજનના અન્ય વ્યવસાય દોષ નિવારણ અર્થે) બુદ્ધિ (જેની છે તેવો થઈને) મારું ચિન્તન કર અને સદ્ભાવના વડે -મારી આજ્ઞા વડે યુદ્ધ (પણ) કર (આ પ્રકારે મારા અનુસ્મરણ વડે) કોઈ પણ પ્રકારના સંદેહ વિના મને જ (પુરુષોત્તમને જ) પ્રાપ્ત થશે, (અક્ષરાદિ રૂપને પ્રાપ્ત નહીં થશે) ।। ૭।।

(સાક્ષાત્ હું કહું છું તેથી તને તો મારી પ્રાપ્તિ થવી નિઃસંદિગ્ધ છે, પરન્તુ તે સિવાય પણ બીજા જે અનન્યભાવે મારું સ્મરણ કરે છે તેઓ પણ મને પ્રાપ્ત કરે છે તે જણાવે છે-)

અભ્યાસયોગયુક્તેન ચેતસા નાન્યગામિના ।
પરમં પુરુષં દિવ્યં યાન્તિ પાર્થાનુચિન્તયન્ ।। ૮ ।।

અન્વય	અર્થ
પાર્થ !	હે મારી ભક્ત પૃથાના પુત્ર અર્જુન !
અભ્યાસ	ભગવત્ સંગનું અનુશીલન (રૂપ)
યોગ	ઉપાય
યુક્તેન	યુક્ત,
ન અન્ય-ગામિના	અન્યત્ર ઉત્તમતાના જ્ઞાન થકી ચંચળતા વગેરે દોષ રહિત સર્વ પ્રકારે જીતેલા (અક્ષરાદિ રૂપમાં નહીં જનારા)
ચેતસા	ચિત્ત વડે
દિવ્યમ્	દિવ્ય-ક્રીડાત્મક
પરમમ્	પરમ
પુરુષમ્	પુરુષનું-પુરુષોત્તમ ભાવનું
અનુચિન્તયન્	અનુચિન્તન કરતાં (ભગવાન દ્વારા કરાયેલ ચિન્તનના અનન્તર-અનુચિન્તન કરતાં)
યાતિ	(તે દિવ્ય-પરમ પુરુષ-પુરુષોત્તમભાવને) પ્રાપ્ત થાય છે ।। ૮ ।।

ભાવાર્થ – (સાક્ષાત્ હું કહું છું તેથી તને તો મારી પ્રાપ્તિ થવી નિઃસંદિગ્ધ છે, પરન્તુ તે સિવાય પણ બીજા જે અનન્યભાવે મારું સ્મરણ કરે છે તેઓ પણ મને પ્રાપ્ત કરે છે તે જણાવે છે-) હે મારી ભક્ત પૃથાના પુત્ર અર્જુન! ભગવત્ સંગનું અનુશીલન (રૂપ) ઉપાય વડે યુક્ત, અન્યત્ર ઉત્તમતાના જ્ઞાન થકી ચંચળતા વગેરે દોષ રહિત, સર્વ પ્રકારે જીતેલા (અક્ષરાદિ રૂપમાં નહીં જનારા) ચિત્ત વડે દિવ્ય-ક્રીડાત્મક પરમ પુરુષનું-પુરુષોત્તમ ભાવનું અનુચિન્તન કરતાં (ભગવાન દ્વારા કરાયેલ ચિન્તનના અનન્તર-અનુચિન્તન કરતાં) (તે દિવ્ય-પરમ પુરુષ-પુરુષોત્તમભાવને) પ્રાપ્ત થાય છે ॥ ૮ ॥

(ચિન્તનીય સ્વરૂપના ધર્મને કહે છે-)

કવિં પુરાણં અનુશાસિતારં
અણોરણીયાંસંઅનુસ્મરેદ્ર્યઃ ।
સર્વસ્ય ધાતારં અચિન્ત્યરૂપં
આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ॥ ૯॥

અન્વય	અર્થ
કવિમ્	શબ્દાર્થ રસિક,
પુરાણમ્	અનાદિ સિદ્ધ-સર્વદા એકરસ,
અનુશાસિતારમ્	ભાવ આદિ ધર્મરૂપના નિયન્તા-અનુશાસન કરનાર,
અણોરણીયાંસમ્	સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ (અતિસૂક્ષ્મ),
સર્વસ્ય	પોતાની ક્રીડાને યોગ્ય ભાવ આદિ-અક્ષર વગેરે રૂપ પદાર્થના
ધાતારમ્	પોષક,
અચિન્ત્યરૂપમ્	જેમની અલૌકિક ક્રીડા વગેરે અપરિમેય છે તેવા મહિમાવાળા,
આદિત્યવર્ણમ્	રસાત્મક તાપ તેજ વડે સર્વને પ્રકાશનારા,
તમસઃ	પ્રકૃતિથી
પરસ્તાત્	પર તર (ભક્ત દ્વારા પ્રાપ્ત ભાવાત્મક સ્વરૂપ તે પ્રકટ કરેલ લીલા સ્વરૂપ હોવાથી તેનું રસાત્મકપણું હોવાથી સર્વદા વર્તમાન એવા પુરુષોત્તમ) ॥ ૯ ॥

ભાવાર્થ – (ચિન્તનીય સ્વરૂપના ધર્મને કહે છે-) શબ્દાર્થ રસિક, અનાદિ સિદ્ધ-સર્વદા એકરસ, ભાવ આદિ ધર્મરૂપના નિયન્તા-અનુશાસન કરનાર, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ (અતિસૂક્ષ્મ), પોતાની ક્રીડાને યોગ્ય ભાવ આદિ-અક્ષર વગેરે રૂપ પદાર્થના પોષક, જેમની અલૌકિક ક્રીડા વગેરે અપરિમેય છે તેવા મહિમાવાળા, રસાત્મક તાપ તેજ વડે સર્વને પ્રકાશનારા, પ્રકૃતિથી પર તર (ભક્ત દ્વારા પ્રાપ્ત ભાવાત્મક સ્વરૂપ તે પ્રકટ કરેલ લીલા સ્વરૂપ હોવાથી તેનું રસાત્મકપણું હોવાથી સર્વદા વર્તમાન એવા પુરુષોત્તમ) ॥ ૯ ॥

પ્રયાણકાલે મનસાઽચલેન
ભક્ત્યા યુક્તો યોગબલેન ચૈવ ।
ભ્રુવોર્મધ્યે પ્રાણમાવેશ્ય સમ્યક્
સ તં પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ ॥ ૧૦ ॥

અન્વય	અર્થ
સઃ	તે
ભક્ત્યાયુક્તઃ	ભક્તિથી યુક્ત થયેલો (પુરુષ)
પ્રયાણકાલે	અન્તકાલ સમયે
અચલેન	સર્વકામ રહિત
મનસા	મન વડે
ચ	અને
યોગબલેન	સંયોગાત્મક ભાવ વડે
એવ	જ
ભ્રુવોઃ	બે ભ્રૂકુટીના - બે ભવાંના
મધ્યે	મધ્યમાં (ભાગ્યસ્થાનમાં વિદ્યમાન જે ભગવત્ સ્વરૂપ છે તેને ભગવાન મારા અર્થે જ અત્ર પ્રકટ છે તેમ અનુસ્મરણ કરે છે અને તે પ્રકટ ભગવત્ સ્વરૂપપમાં જ)
પ્રાણમ્	પોતાના પ્રાણોનો
સમ્યક્	સારી રીતે
આવેશ્ય	આવેશ કરીને (ભાવાત્મક સ્વરૂપ પ્રાપ્તિ વડે)
દિવ્યમ્	ક્રીડાત્મક
પરમ્	પરમ પુરુષ-પુરુષોત્તમને
ઉપૈતિ	સમીપમાં દાસ્ય વડે પ્રાપ્ત કરે છે ॥ ૧૦ ॥

ભાવાર્થ – તે ભક્તિથી યુક્ત થયેલો (પુરુષ) અન્તકાલ સમયે સર્વકામ રહિત મન વડે અને સંયોગાત્મક ભાવ વડે જ બે ભ્રૂકુટીના - બે ભવાંના મધ્યમાં (ભાગ્યસ્થાનમાં વિદ્યમાન જે ભગવત્ સ્વરૂપ છે તેને ભગવાન મારા અર્થે જ અત્ર પ્રકટ છે તેમ અનુસ્મરણ કરે છે અને તે પ્રકટ ભગવત્ સ્વરૂપમાં જ) પોતાના પ્રાણોનો સારી રીતે આવેશ કરીને (ભાવાત્મક સ્વરૂપ પ્રાપ્તિ વડે) ક્રીડાત્મક પરમ પુરુષ-પુરુષોત્તમને સમીપમાં દાસ્ય વડે પ્રાપ્ત કરે છે ॥ ૧૦ ॥

(જો ભક્તિથી યુક્ત એવા લોકો તેને જ પ્રાપ્ત કરે છે અને યોગયુક્તો પણ તેને જ પ્રાપ્ત કરે છે, તો પછી બે વચ્ચે વિશેષ શું છે ? તેવી આકાંક્ષા થાય તો કહે છે -)

યદક્ષરં વેદવિદો વદન્તિ
વિશન્તિ યદ્યતયો વીતરાગાઃ ।
યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ
તત્તે પદં સંગ્રહેણ પ્રવક્ષ્યે ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
વેદવિદઃ	વેદાન્તના જાણકારો
યત્	જે પ્રાપ્ય પદને
અક્ષરમ્	અક્ષર
વદન્તિ	કહે છે (અને)
વીતરાગાઃ	વૈરાગ્યવાળા-આસક્તિ રહિત -પરમ હંસ જ્ઞાનીઓ
યતયઃ	સર્વત્યાગ વગેરે પ્રયત્નવાળા

યત્	જેમાં
વિશન્તિ	પ્રવેશીને ઐક્યને પ્રાપ્ત કરે છે,
યત્	જે પ્રાપ્ય પદને
ઈચ્છન્તઃ	સ્વરૂપ જ્ઞાન વડે પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા
બ્રહ્મચર્યમ્	ઈન્દ્રિયનિગ્રહનું
ચરન્તિ	(ગુરુકુલમાં) આચરણ કરે છે
તત્	તે
પદમ્	તેમનું પ્રાપ્ય પદ છે તેને
તે	તારા અર્થે
સંગ્રહેણ	સંક્ષેપથી
પ્રવક્ષ્યે	(જાણવાના અર્થે) કહીશ ॥ ૧૧ ॥

ભાવાર્થ – (જો ભક્તિથી યુક્ત એવા લોકો તેને જ પ્રાપ્ત કરે છે અને યોગયુક્તો પણ તેને જ પ્રાપ્ત કરે છે, તો પછી બે વચ્ચે વિશેષ શું છે ? તેવી આકાંક્ષા થાય તો કહે છે -) વેદાન્તના જાણકારો જે પ્રાપ્ય પદને અક્ષર કહે છે (અને) વૈરાગ્યવાળા-આસક્તિ રહિત -પરમ હંસ જ્ઞાનીઓ સર્વત્યાગ વગેરે પ્રયત્નવાળા જેમાં પ્રવેશીને ઐક્યને પ્રાપ્ત કરે છે, જે પ્રાપ્ય પદને સ્વરૂપ જ્ઞાન વડે પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા ઈન્દ્રિયનિગ્રહનું (ગુરુકુલમાં) આચરણ કરે છે તે તેમનું પ્રાપ્ય પદ છે તેને તારા અર્થે સંક્ષેપથી (જાણવાના અર્થે) કહીશ ॥ ૧૧ ॥

સર્વદ્વારાણિ સંયમ્ય મનો હૃદિ નિરુધ્ય ચ ।
મૂર્ધ્ન્યાધાયાત્મનઃ પ્રાણમાસ્થિતો યોગધારણામ્ ॥

૧૨॥

અન્વય	અર્થ
સર્વ દ્વારાણિ	સર્વ ઈન્દ્રિયોનાં દ્વારોને
સંયમ્ય	સંયમીને-વશ કરીને
મનઃ	(લૌકિક વિષયોથી પાછા વળીને) મનને
હૃદિ	(વિકલ્પ વગેરે ધર્મના ત્યાગ વડે) હૃદયમાં
નિરુધ્ય	નિરોધીને - સ્થિર કરીને
ચ	અને
પ્રાણમ્	પ્રાણને
મૂર્ધ્નિ	બે ભ્રુકુટીના મધ્યે-ભાગ્યસ્થાનમાં
આધાય	આધાન કરીને - સ્થાપન કરીને
આત્મનઃ	પોતે
યોગધારણમ્	યોગધારણામાં
આસ્થિતઃ (સન્)	સારી રીતે સ્થિતિ કરતાં ॥ ૧૨ ॥

ભાવાર્થ – સર્વ ઈન્દ્રિયોનાં દ્વારોને સંયમીને-વશ કરીને (લૌકિક વિષયોથી પાછા વળીને) મનને (વિકલ્પ વગેરે ધર્મના ત્યાગ વડે) હૃદયમાં નિરોધીને - સ્થિર કરીને અને પ્રાણને બે ભ્રુકુટીના મધ્યે-ભાગ્યસ્થાનમાં આધાન કરીને - સ્થાપન કરીને પોતે યોગધારણામાં સારી રીતે સ્થિતિ કરતાં ॥ ૧૨ ॥

ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્ મામનુસ્મરન્ ।
યઃ પ્રયાતિ ત્યજન્ દેહં સ યાતિ પરમાં ગતિમ્ ॥ ૧૩॥

અન્વય	અર્થ
ૐ	ઓમ્
ઈતિ	એમ (આ)
એકાક્ષરમ્	(બે શક્તિથી સંબદ્ધ પુરુષની માફક વર્ણત્રયાત્મક) એક અક્ષરરૂપ
બ્રહ્મ	(બ્રહ્મવાચક હોવાથી અથવા બ્રહ્મસ્વરૂપ હોવાથી)બ્રહ્મનું
વ્યાહરન્	ઉચ્ચારણ કરતાં (મારું-આ પ્રમાણેનું પ્રકટ રૂપનું અનુસ્મરણ કરતાં)
યઃ	જે
દેહમ્	શરીરને
ત્યજન્	ત્યાગતાં
પ્રયાતિ	(પ્રકૃષ્ટ ભાવાત્મતાથી) જાય છે
સઃ	તે
પરમામ્	જેના વડે અથવા જ્યાં પર (પુરુષોત્તમ) જાણી શકાય છે (તેવી)
ગતિમ્	(અક્ષરાત્મિકા) ગતિને
યાતિ	પ્રાપ્ત થાય છે ॥ ૧૩ ॥

ભાવાર્થ – ઓમ્ એમ (આ) (બે શક્તિથી સંબદ્ધ પુરુષની માફક વર્ણત્રયાત્મક) એક અક્ષરરૂપ (બ્રહ્મવાચક હોવાથી અથવા બ્રહ્મસ્વરૂપ હોવાથી)બ્રહ્મનું ઉચ્ચારણ કરતાં (મારું-આ પ્રમાણેનું પ્રકટ રૂપનું અનુસ્મરણ કરતાં) જે શરીરને ત્યાગતાં (પ્રકૃષ્ટ ભાવાત્મતાથી) જાય છે તે જેના વડે અથવા જ્યાં પર (પુરુષોત્તમ) જાણી શકાય છે (તેવી) (અક્ષરાત્મિકા) ગતિને પ્રાપ્ત થાય છે ॥ ૧૩ ॥

(આ પ્રમાણે યોગથી યુક્ત થયેલાઓને પોતાનો અંશ અક્ષરાત્મક ગતિના સ્વરૂપને કહીને, જે લોકો ભક્તિથી યુક્ત થયેલા છે તેમને પોતાની (પુરુષોત્તમની) પ્રાપ્તિ થાય છે તે કહે છે -)

અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।
તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥ ૧૪॥

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથાપુત્ર અર્જુન ! (જેમ તારી માતા દ્વારા કરાયેલ સ્મરણના બળે હું તને સુલભ થઈ શક્યો છું તેવી રીતે-)
અનન્યચેતાઃ	સતત-નિરન્તર વ્યવચ્છિન્નતા વિના લૌકિક-અલૌકિક વિષયોમાં જેનું ચિત્ત નથી તેવો
યઃ	જે
મામ્	મારું - લીલા પુરુષોત્તમનું
નિત્યશઃ	પ્રતિદિન
સતતમ્	નિરન્તર
સ્મરતિ	સ્મરણ કરે છે
તસ્ય	તેને

નિત્યયુક્તસ્ય	મને નિત્ય સમ્મતને
યોગિનઃ	(મારામાં જ યોજાઈને રહેલા એવા) યોગીને (ઘણી જ નિકટતાથી)
અહમ્	હું (પુરુષોત્તમ)
સુલભઃ	સુખેન લભ્ય - પ્રાપ્ય છું ॥ ૧૪ ॥

ભાવાર્થ – (આ પ્રમાણે યોગથી યુક્ત થયેલાઓને પોતાનો અંશ અક્ષરાત્મક ગતિના સ્વરૂપને કહીને, જે લોકો ભકિતથી યુક્ત થયેલા છે તેમને પોતાની (પુરુષોત્તમની) પ્રાપ્તિ થાય છે તે કહે છે -) હે પૃથાપુત્ર અર્જુન ! (જેમ તારી માતા દ્વારા કરાયેલ સ્મરણના બળે હું તને સુલભ થઈ શક્યો છું તેવી રીતે-) સતત-નિરન્તર વ્યવચ્છિન્નતા વિના લૌકિક-અલૌકિક વિષયોમાં જેનું ચિત્ત નથી તેવો જે મારું - લીલા પુરુષોત્તમનું પ્રતિદિન નિરન્તર સ્મરણ કરે છે તેને-મને નિત્ય સમ્મતને (મારામાં જ યોજાઈને રહેલા એવા) યોગીને (ઘણી જ નિકટતાથી) હું (પુરુષોત્તમ) સુખેન લભ્ય - પ્રાપ્ય છું ॥ ૧૪ ॥

(આ પ્રમાણે જ તે-તે દેવોના ઉપાસકો તે-તે દેવોનું સાયુજ્ય પ્રાપ્ત કરે છે તેમ તે-તે શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે, તો પછી તે દેવોનું સાયુજ્ય પ્રાપ્ત થાઓ કે પછી ભગવત્ સાયુજ્ય પ્રાપ્ત થાઓ તે બે માં વિશેષ શું છે ? તેવી આકાંક્ષા થાય તો કહે છે -)

મામુપેત્ય પુનર્જન્મ દુઃખાલયમશાશ્વતમ્ ।
નાપ્નુવન્તિ મહાત્માનઃ સંસિદ્ધિં પરમાં ગતાઃ ॥ ૧૫॥

અન્વય	અર્થ
પરમામ્	પરમા
સંસિદ્ધિમ્	ભાવરૂપ સમ્યક્ સિદ્ધિને

ગતાઃ	પ્રાપ્ત કરેલાઓ
મહાત્માનઃ	મહાન્ જેનો આત્મા-અન્તઃકરણ છે તેવા મારા ભક્તો
મામ્	મને (એક માત્ર પુરુષોત્તમને સમીપથી જ)
ઉપેત્ય	પ્રાપ્ત કરીને
દુઃખાલયમ્	દુઃખોનું આલય-સંસારાત્મક
અશાશ્વતમ્	અનિત્ય-લૌકિક (લોકમાં)
પુનર્જન્મ	ફરીથી જન્મને
આપ્નવન્તિ	પ્રાપ્ત થતા
ન	નથી (ફરીથી તેમનો સંસારમાં જન્મ થતો નથી) ॥ ૧૫ ॥

ભાવાર્થ – (આ પ્રમાણે જ તે-તે દેવોના ઉપાસકો તે-તે દેવોનું સાયુજ્ય પ્રાપ્ત કરે છે તેમ તે-તે શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે, તો પછી તે દેવોનું સાયુજ્ય પ્રાપ્ત થાઓ કે પછી ભગવત્ સાયુજ્ય પ્રાપ્ત થાઓ તે બે માં વિશેષ શું છે ? તેવી આકાંક્ષા થાય તો કહે છે -) પરમા ભાવરૂપ સમ્યક્ સિદ્ધિને પ્રાપ્ત કરેલાઓ મહાન્ જેનો આત્મા-અન્તઃકરણ છે તેવા મારા ભક્તો મને (એક માત્ર પુરુષોત્તમને સમીપથી જ) પ્રાપ્ત કરીને દુઃખોનું આલય-સંસારાત્મક- અનિત્ય-લૌકિક (લોકમાં) ફરીથી જન્મને પ્રાપ્ત થતા નથી (ફરીથી તેમનો સંસારમાં જન્મ થતો નથી) ॥ ૧૫ ॥

આ બ્રહ્મભુવનાલ્લોકાઃ પુનરાવિર્તનોઽર્જુન ।
મામુપેત્ય તુ કૌન્તેય પુનર્જન્મ ન વિદ્યતે ॥ ૧૬ ॥

અન્વય	અર્થ
અર્જુન !	હે અર્જુન !

આબ્રહ્મભુવનાત્	બ્રહ્મભુવનને અભિવ્યાપીને -બ્રહ્મલોક સહિત
લોકાઃ	(સત્યલોકથી લઈને પાતાળ લોક સુધીના) સર્વ લોક
પુનરાવર્તિનઃ	પુનરાવર્તનશીલ-પુનર્જન્મને આપવાના સ્વભાવવાળા છે
તુ	પરંતુ (મારા માર્ગમાં પ્રવૃત્તને તો આમ થવાની શંકા જ ન કરવી, કારણ કે)
કૌન્તેય !	હે કુન્તિના પુત્ર ! પરમસ્નેહી !
મામ્	મને (પુરુષોત્તમને)
ઉપેત્ય	પ્રાપ્ત કરીને
પુનર્જન્મ	(ક્યારેય) ફરીથી જન્મ
વિદ્યતે	થતો
ન	નથી ।। ૧૬ ।।

ભાવાર્થ – હે અર્જુન ! બ્રહ્મભુવનને અભિવ્યાપીને -બ્રહ્મલોક સહિત (સત્યલોકથી લઈને પાતાળ લોક સુધીના) સર્વ લોક પુનરાવર્તનશીલ-પુનર્જન્મને આપવાના સ્વભાવવાળા છે પરંતુ (મારા માર્ગમાં પ્રવૃત્તને તો આમ થવાની શંકા જ ન કરવી, કારણ કે) હે કુન્તિના પુત્ર ! પરમસ્નેહી! મને (પુરુષોત્તમને) પ્રાપ્ત કરીને (ક્યારેય) ફરીથી જન્મ થતો નથી ।। ૧૬ ।।

(જે લોકો બ્રહ્મલોકમાં ગયા છે તેઓની બ્રહ્માની સાથે જ મુક્તિ થાય છે તેમ શાસ્ત્રોમાં કહેવાયું છે તેથી તેમની પુનરાવૃત્તિ નથી, તો પછી અહીં આબ્રહ્મભુવનાલ્લોકાઃ એમ કેમ કહ્યું છે ? તો કહે છે -)

સહસ્રયુગપર્યન્તમહર્યદ્બ્રહ્મણો વિદુઃ ।

રાત્રિં યુગસહસ્રાન્તાં તેઽહોરાત્રવિદો જનાઃ ।। ૧૭ ।।

અન્વય	અર્થ
બ્રહ્મણઃ	સત્યલોકના અધિપતિ દેવતા બ્રહ્માજીનો
યત્	જે
અહઃ	એક દિવસ (તેને)
સહસ્રયુગપર્યન્તમ્	એક હજાર ચતુર્યુગ પર્યન્તની અવધિવાળો (અને)
રાત્રિમ્	(તે મુજબ જ) રાત્રીને (પણ)
યુગસહસ્રાન્તામ્	એક હજાર ચતુર્યુગ પર્યન્તની અવધિવાળી (જે)
વિદુઃ	જાણે છે
તે	તે
જનાઃ	લોકો
અહોરાત્રવિદઃ	અહોરાત્ર (દિવસ-રાત્રી)ને જાણનારા છે (કાલ ગણનામાં મનુષ્યોનું એક વર્ષ એ દેવોનું એક અહોરાત્ર, તે અનુસાર મનુષ્યનાં ૩૬૦૦ વર્ષ = દેવોનું એક વર્ષ, મનુષ્યનાં ૩૬૦૦૦ વર્ષ = દેવોનાં ૧૦૦ વર્ષ, તે મુજબ દેવોનાં ૧૨૦૦૦ વર્ષ = બ્રહ્માજીનો એક દિવસ (સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય અને તેટલો જ સમય બ્રહ્માજીની રાત્રીનો, તે મુજબ બ્રહ્માજીના દિવસ-રાત્રી ગણતાં બ્રહ્માજીનાં ૧૦૦ વર્ષ એ બ્રહ્માજીની આયુ (જીવન સમય)

એટલે બ્રહ્માજીના અવસાન સમયે તેમના સહિત તેમની સાથે રહેલાઓને પરમ્પરાથી અક્ષર પ્રાપ્તિ થાય છે) ॥ ૧૭॥

ભાવાર્થ – (જે લોકો બ્રહ્મલોકમાં ગયા છે તેઓની બ્રહ્માની સાથે જ મુક્તિ થાય છે તેમ શાસ્ત્રોમાં કહેવાયું છે તેથી તેમની પુનરાવૃત્તિ નથી, તો પછી અહીં આબ્રહ્મભુવનાલ્લોકાઃ એમ કેમ કહ્યું છે ? તો કહે છે -) સત્યલોકના અધિપતિ દેવતા બ્રહ્માજીનો જે એક દિવસ (તેને) એક હજાર ચતુર્યુગ પર્યન્તની અવધિવાળો (અને) (તે મુજબ જ) રાત્રીને (પણ) એક હજાર ચતુર્યુગ પર્યન્તની અવધિવાળી (જે) જાણે છે તે લોકો અહોરાત્ર (દિવસ-રાત્રી)ને જાણનારા છે (કાલ ગણનામાં મનુષ્યોનું એક વર્ષ એ દેવોનું એક અહોરાત્ર, તે અનુસાર મનુષ્યના ૩૬૦૦ વર્ષ = દેવોનું એક વર્ષ, મનુષ્યનાં ૩૬૦૦૦ વર્ષ = દેવોનાં ૧૦૦ વર્ષ, તે મુજબ દેવોનાં ૧૨૦૦૦ વર્ષ = બ્રહ્માજીનો એક દિવસ (સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય અને તેટલો જ સમય બ્રહ્માજીની રાત્રીનો, તે મુજબ બ્રહ્માજીના દિવસ-રાત્રી ગણતાં બ્રહ્માજીનાં ૧૦૦ વર્ષ એ બ્રહ્માજીની આયુ (જીવન સમય) એટલે બ્રહ્માજીના અવસાન સમયે તેમના સહિત તેમની સાથે રહેલાઓને પરમ્પરાથી અક્ષર પ્રાપ્તિ થાય છે) ॥ ૧૭ ॥

(બ્રહ્માજીના લોકમાં રહેલાઓનું પુનરાગમન કેવી રીતે તે કહે છે-)

અવ્યક્તાદ્વ્યક્તયઃ સર્વાઃ પ્રભવન્ત્યહરાગમે ।
રાત્ર્યાગમે પ્રલીયન્તે તત્રૈવાવ્યક્તસંજ્ઞકે ॥ ૧૮ ॥

અન્વય	અર્થ
અવ્યક્તાત્	ભગવત્ ચરણરૂપ અક્ષરથી
વ્યક્તયઃ	સ્થાવર-જંગમ વગેરે (તથા)
સર્વાઃ	દેવ વગેરે-કીટ, તૃણ વગેરે
અહરાગમે	બ્રહ્માના દિનના આરંભકાલમાં
પ્રભવન્તિ	ઉત્પન્ન થાય છે (અને)
તત્રૈવ	તેમાં જ
અવ્યક્તસંજ્ઞકે	અવ્યક્ત સંજ્ઞાવાળા અક્ષરમાં
રાત્ર્યાગમે	બ્રહ્માની રાત્રીના આરંભ કાલમાં
પ્રલીયન્તે	લીન (લય) થાય છે. (તે અક્ષરને જાણવાવાળાઓ તે અક્ષરમાં પ્રવેશે છે) ॥ ૧૮ ॥

ભાવાર્થ – (બ્રહ્માજીના લોકમાં રહેલાઓનું પુનરાગમન કેવી રીતે તે કહે છે -) ભગવત્ ચરણરૂપ અક્ષરથી સ્થાવર-જંગમ વગેરે (તથા) દેવ વગેરે-કીટ, તૃણ વગેરે બ્રહ્માના દિનના આરંભકાલમાં ઉત્પન્ન થાય છે (અને) તેમાં જ અવ્યક્ત સંજ્ઞાવાળા અક્ષરમાં બ્રહ્માની રાત્રીના આરંભ કાલમાં લીન (લય) થાય છે. (તે અક્ષરને જાણવાવાળાઓ તે અક્ષરમાં પ્રવેશે છે) ॥ ૧૮ ॥

(ત્યાં લય પામેલા ફરી પાછા ઉત્પન્ન થાય છે તે કહે છે-)

ભૂતગ્રામઃ સ એવાયં ભૂત્વા ભૂત્વા પ્રલીયતે ।
રાત્ર્યાગમેઽવશઃ પાર્થ પ્રભવત્યહરાગમે ॥ ૧૯ ॥

અન્વય	અર્થ
પાર્થ	હે પૃથાપુત્ર અર્જુન (સાવધાન થઈ સાંભળ)
સઃ	તે
એવ	જ
અયમ્	આ (પૂર્વ શ્લોકમાં કહેવાયેલો જ મારા સમ્બન્ધ વિનાનો

	- પરિદૃશ્યમાન)
ભૂતગ્રામઃ	ચર-અચર સમૂહ
ભૂત્વા-ભૂત્વા	(વારંવાર) ઉત્પન્ન થઈ-ઉત્પન્ન થઈ
રાત્ર્યાગમે	બ્રહ્માના દિવસના અવસાનમાં
અવશઃ	પરવશ થઈને
પ્રલીયતે	લય પામે
અહરાગમે	બ્રહ્માનો દિવસ આરંભ થતાં (પરવશ થઈને)
પ્રભવતિ	ઉત્પન્ન થાય છે ॥ ૧૯ ॥

ભાવાર્થ – (ત્યાં લય પામેલા ફરી પાછા ઉત્પન્ન થાય છે તે કહે છે-) હે પૃથાપુત્ર અર્જુન (સાવધાન થઈ સાંભળ) તે જ આ (પૂર્વ શ્લોકમાં કહેવાયેલો જ મારા સમ્બન્ધ વિનાનો - પરિદૃશ્યમાન) ચર-અચર સમૂહ (વારંવાર) ઉત્પન્ન થઈ-ઉત્પન્ન થઈ બ્રહ્માના દિવસના અવસાનમાં પરવશ થઈને લય પામે બ્રહ્માનો દિવસ આરંભ થતાં (પરવશ થઈને) ઉત્પન્ન થાય છે ॥૧૯॥

પરસ્તસ્માતુ ભાવોઽન્યોઽવ્યક્તોઽવ્યક્તાત્ સનાતનઃ ।
યઃ સ સર્વેષુ ભૂતેષુ નશ્યત્સુ ન વિનશ્યતિ ॥ ૨૦ ॥

અન્વય	અર્થ
તુ	પરન્તુ (તુ શબ્દથી પૂર્વમાં જણાવેલ તે પર નથી એમ જણાવ્યું છે)
તસ્માત્	તેનાથી - પૂર્વ ઉત્પત્તિ કારણાત્મક
અવ્યક્તાત્	અવ્યક્તથી (પણ)
અન્યઃ	જુદો જ - વિલક્ષણ
સનાતનઃ	નિત્ય-અનાદિસિદ્ધ
અવ્યક્તઃ	અવ્યક્ત
ભાવઃ	ભાવ
પરઃ	સર્વોત્તમ - ગુણાતીત છે (કે જે પૂર્વ ઉત્પત્તિ કારણાત્મકનો પણ મૂલભૂત છે)
યઃ	જે
સર્વેષુ	સર્વ
ભૂતેષુ	ભૂતો-પ્રાણિમાત્રમાં (સ્થિતિ કરીને પણ)
નશ્યત્સુ	(ભૂતોનો) નાશ થતાં પણ
સઃ	તે (પર-અવ્યક્ત)
વિનશ્યતિ	વિનાશને-વિકારને
ન	પ્રાપ્ત થતો નથી ॥ ૨૦ ॥

ભાવાર્થ – પરન્તુ (તુ શબ્દથી પૂર્વમાં જણાવેલ તે પર નથી એમ જણાવ્યું છે) તેનાથી - પૂર્વ ઉત્પત્તિ કારણાત્મક અવ્યક્તથી (પણ) જુદો જ - વિલક્ષણ નિત્ય-અનાદિસિદ્ધ અવ્યક્ત ભાવ સર્વોત્તમ - ગુણાતીત છે (કે જે પૂર્વ ઉત્પત્તિ કારણાત્મકનો પણ મૂલભૂત છે) જે સર્વ ભૂતો-પ્રાણિમાત્રમાં (સ્થિતિ કરીને પણ) (ભૂતોનો) નાશ થતાં પણ તે (પર-અવ્યક્ત) વિનાશને-વિકારને પ્રાપ્ત થતો નથી ॥ ૨૦ ॥

અવ્યક્તોડક્ષર ઈત્યુક્તઃ તમાહુઃ પરમાં ગતિમ્ ।
યં પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥ ૨૧ ॥

અન્વય	અર્થ
અવ્યક્તઃ	(અવ્યક્ત એટલે) અપ્રકટ, જેને જાણવું શક્ય નથી તેવો ભાવ (તે)
અક્ષરઃ	અક્ષર (એટલે કે જે ક્ષરણશીલ નથી, જે ચલાયમાન નથી, તે ભગવચ્ચરણાંશરૂપ)
ઈતિ	એમ
ઉક્તઃ	કહેવામાં આવ્યું છે
તમ્	તે (અક્ષર નામક અવ્યક્ત ભાવને) (વેદ વગેરેના જાણકારો)
પરમામ્	જેનાથી પર અનુમેય થાય તેવી પરમા
ગતિમ્	ગતિ
આહુઃ	કહે છે (તે વેદવિદો તે અક્ષરને પરમા ગતિ કેમ કહે છે ? તો કહે છે -)
યમ્	જે સ્થાનને
પ્રાપ્ય	પ્રાપ્ત કરીને
ન નિવર્તન્તે	પુનર્જન્મને પ્રાપ્ત થતા નથી (તેથી તેને પરમા ગતિ કહે છે)
તત્	તે અક્ષરાત્મક
મમ	મારું
પરમમ્	પરમ-ઉત્કૃષ્ટ
ધામ	ધામ-ગૃહ છે (તે અક્ષર મારું ધામ-ગૃહ હોવાથી તે સ્થાન પ્રાપ્ત કરીને પુનરાવૃત્તિ થતી નથી) ॥ ૨૧ ॥

ભાવાર્થ – (અવ્યક્ત એટલે) અપ્રકટ, જેને જાણવું શક્ય નથી તેવો ભાવ (તે) અક્ષર (એટલે કે જે ક્ષરણશીલ નથી, જે ચલાયમાન નથી, તે ભગવચ્ચરણાંશરૂપ) એમ કહેવામાં આવ્યું છે તે (અક્ષર નામક અવ્યક્ત ભાવને) (વેદ વગેરેના જાણકારો) જેનાથી પર અનુમેય થાય તેવી પરમા ગતિ કહે છે (તે વેદવિદો તે અક્ષરને પરમા ગતિ કેમ કહે છે ? તો કહે છે -) જે સ્થાનને પ્રાપ્ત કરીને પુનર્જન્મને પ્રાપ્ત થતા નથી (તેથી તેને પરમા ગતિ કહે છે) તે અક્ષરાત્મક મારું પરમ-ઉત્કૃષ્ટ ધામ-ગૃહ છે (તે અક્ષર મારું ધામ-ગૃહ હોવાથી તે સ્થાન પ્રાપ્ત કરીને પુનરાવૃત્તિ થતી નથી) ॥ ૨૧ ॥

(જેના ધામમાં-સ્થાનમાં ગયેલા પાછા ફરતા નથી તેવા તમે કેમ કરીને પ્રાપ્ય થઈ શકો ? તો કહે છે -)

પુરુષઃ સ પરઃ પાર્થ ભક્ત્યા લભ્યસ્ત્વનન્યયા ।
યસ્યાન્તઃસ્થાનિ ભૂતાનિ યેન સર્વમિદં તતમ્ ॥ ૨૨॥

અન્વય	અર્થ
તુ	અને
પાર્થ	હે મારો ભક્ત, પૃથાપુત્ર, અર્જુન !
સઃ	તે (હું)
પરઃ	(બન્ને પુરુષોથી પર-ઉત્તમ) પુરુષોત્તમ
ભક્ત્યા	ઐહિક-પારલૌકિક બન્નેમાં એક માત્ર મારા જ શરણ સ્વરૂપની, મારાથી ઈતર જ્ઞાનરહિત સ્વરૂપની ભક્તિ-સ્નેહ

	વડે
લભ્યઃ	પ્રાપ્ય છું-પ્રાપ્ત થઈ શકું છું (તે તમે કેવા છો ? તો કહે છે-)
યસ્ય	જેના
અન્તઃસ્થાનિ	અન્તર્ગત
ભૂતાનિ	ચર-અચર રમણ કારણાત્મક ભૂતો જેનાં મધ્યમાં એટલે કે સ્વરૂપમાં રહે છે (અને)
યેન	જેના વડે
ઈદમ્	આ પરિદશ્યમાન
સર્વમ્	સર્વ જગત્
તતમ્	વ્યાપ્ત છે ।। ૨૨ ।।

ભાવાર્થ – (જેના ધામમાં-સ્થાનમાં ગયેલા પાછા ફરતા નથી તેવા તમે કેમ કરીને પ્રાપ્ય થઈ શકો ? તો કહે છે -) અને હે મારો ભક્ત, પૃથાપુત્ર, અર્જુન ! તે (હું) (બન્ને પુરુષોથી પર-ઉત્તમ) પુરુષોત્તમ ઐહિક-પારલૌકિક બન્નેમાં એક માત્ર મારા જ શરણ સ્વરૂપની, મારાથી ઈતર જ્ઞાનરહિત સ્વરૂપની ભક્તિ-સ્નેહ વડે પ્રાપ્ય છું-પ્રાપ્ત થઈ શકું છું (તે તમે કેવા છો ? તો કહે છે-) જેના અન્તર્ગત ચર-અચર રમણ કારણાત્મક ભૂતો જેનાં મધ્યમાં એટલે કે સ્વરૂપમાં રહે છે (અને) જેના વડે આ પરિદશ્યમાન સર્વ જગત્ વ્યાપ્ત છે ।। ૨૨ ।।

યત્ર કાલે ત્વનાવૃત્તિમાવૃત્તિં ચૈવ યોગિનઃ ।
પ્રયાતા યાન્તિ તં કાલં વક્ષ્યામિ ભરતર્ષભ ।। ૨૩ ।।

અન્વય	અર્થ
ભરતર્ષભ	હે જ્ઞાનયોગ્યકુલમાં ઉત્પન્ન અર્જુન !

યત્ર	જે
કાલે	કાલમાં
પ્રયાતાઃ	શરીર ત્યાગીને ગયેલા
યોગિનઃ	યોગીજનો
અનાવૃત્તિમ્	અનાવૃત્તિને (અપુનરાગમનને પ્રાપ્ત કરે છે)
ચ	અને (જે કાલમાં શરીર ત્યાગીને ગયેલા યોગીજનો)
આવૃત્તિમ્	આવૃત્તિને (પુનરાગમનને)
એવ	જ
યાન્તિ	પ્રાપ્ત કરે છે
તમ્	તે
કાલમ્	કાલને
વક્ષ્યામિ	(હું) કહીશ (વર્ણવીશ) ।। ૨૩ ।।

ભાવાર્થ – હે જ્ઞાનયોગ્યકુલમાં ઉત્પન્ન અર્જુન ! જે કાલમાં શરીર ત્યાગીને ગયેલા યોગીજનો અનાવૃત્તિને (અપુનરાગમનને પ્રાપ્ત કરે છે) અને (જે કાલમાં શરીર ત્યાગીને ગયેલા યોગીજનો) આવૃત્તિને (પુનરાગમનને) જ પ્રાપ્ત કરે છે તે કાલને (હું) કહીશ (વર્ણવીશ) ।। ૨૩ ।।

(પ્રથમ અનાવૃત્તિને જણાવનાર કાલને કહે છે -)

અગ્નિર્જ્યોતિરહઃ શુક્લઃ ષણ્માસા ઉત્તરાયણમ્ ।
તત્ર પ્રયાતા ગચ્છન્તિ બ્રહ્મ બ્રહ્મવિદો જનાઃ ।। ૨૪ ।।

અન્વય	અર્થ
	(અહીં આગળ બન્ને શ્લોકોમાં અગ્નિ, જ્યોતિ વગેરેથી તેના-તેના અભિમાની દેવતા સમજવાના છે)
અગ્નિઃ	(તાપકારક) અગ્નિ,
જ્યોતિઃ	જ્યોતિ-તેજ (અથવા સૂર્ય),
અહઃ	(તાપ-તેજથી યુક્ત) દિવસ,
શુક્લઃ	શુક્લપક્ષ,
ષણ્માસાઃ ઉત્તરાયણમ્	ઉત્તરાયણના (મકરના સૂર્યથી મિથુનના સૂર્ય પર્યન્તના) છ મહિના,
તત્ર	તે (કાલમાં)
પ્રયાતાઃ	શરીર ત્યાગીને જનારા
બ્રહ્મવિદઃ	બ્રહ્મને જાણનારા (અથવા બ્રહ્મને અનુભવનારા)
જનાઃ	ભક્તો
બ્રહ્મ	અનાવૃત્ત્યાત્મક ભગવત્સ્વરૂપ-બ્રહ્મને
ગચ્છન્તિ	પ્રાપ્ત કરે છે (અહીં એમ નથી સમજવાનું કે આયુષ્યભોગ પૂર્ણ થતાં કાલવશ ઉત્તરાયણ વગેરે વિશિષ્ટ કાલમાં મરણ પામતાં સર્વ લોકો તે બ્રહ્મની પ્રાપ્તિ કરે છે, પરંતુ જે લોકો ભગવાનના ભક્ત છે અને ભીષ્મપિતામહની માફક મરણનો કાલ આવતાં એકમાત્ર ભગવન્નિષ્ઠ બની રહી જે પ્રાણોને ત્યાગી જાય છે તે લોકો જ તે બ્રહ્મને પ્રાપ્ત કરે છે એમ સમજવાનું છે) ॥ ૨૪ ॥

ભાવાર્થ – (પ્રથમ અનાવૃત્તિને જણાવનાર કાલને કહે છે -) (અહીં આગળ બન્ને શ્લોકોમાં અગ્નિ, જ્યોતિ વગેરેથી તેના-તેના અભિમાની દેવતા સમજવાના છે) (તાપકારક) અગ્નિ, જ્યોતિ-તેજ (અથવા સૂર્ય), (તાપ-તેજથી યુક્ત) દિવસ, શુક્લપક્ષ, ઉત્તરાયણના (મકરના સૂર્યથી મિથુનના સૂર્ય પર્યન્તના) છ મહિના, તે (કાલમાં) શરીર ત્યાગીને જનારા બ્રહ્મને જાણનારા (અથવા બ્રહ્મને અનુભવનારા) ભક્તો અનાવૃત્ત્યાત્મક ભગવત્સ્વરૂપ-બ્રહ્મને પ્રાપ્ત કરે છે (અહીં એમ નથી સમજવાનું કે આયુષ્યભોગ પૂર્ણ થતાં કાલવશ ઉત્તરાયણ વગેરે વિશિષ્ટ કાલમાં મરણ પામતાં સર્વ લોકો તે બ્રહ્મની પ્રાપ્તિ કરે છે, પરંતુ જે લોકો ભગવાનના ભક્ત છે અને ભીષ્મપિતામહની માફક મરણનો કાલ આવતાં એકમાત્ર ભગવન્નિષ્ઠ બની રહી જે પ્રાણોને ત્યાગી જાય છે તે લોકો જ તે બ્રહ્મને પ્રાપ્ત કરે છે એમ સમજવાનું છે) ॥ ૨૪ ॥

(હવે સકામ અગ્નિહોત્રાદિ કર્મ કરનારાના આવૃત્તિ કાલરૂપને જણાવે છે -)

ધૂમો રાત્રિઃ તથા કૃષ્ણઃ ષણ્માસા દક્ષિણાયનમ્ ।
તત્ર ચાન્દ્રમસં જ્યોતિઃ યોગી પ્રાપ્ય નિવર્તતે ॥ ૨૫॥

અન્વય	અર્થ
ધૂમઃ	(અગ્નિ નિર્મિત તાપરૂપ, પ્રતિબન્ધરૂપ) ધૂમ (ધુમાડો),
રાત્રિઃ	રાત્રિ-નિશા,
તથા	તથા
કૃષ્ણઃ	કૃષ્ણપક્ષ (વદ),
ષણ્માસાઃ- દક્ષિણાયનમ્	દક્ષિણાયનના (કર્કના સૂર્યથી ધનના સૂર્ય પર્યન્તના) છ મહિના,

તત્ર	તે (કાલમાં)
યોગી	સકામ કર્મ કરનારા
ચાન્દ્રમસં-જ્યોતિઃ	શીતલાત્મક સ્વર્ગ વગેરે લોક સંબન્ધી સુખને
પ્રાપ્ય	પ્રાપ્ત કરીને (સુખભોગ પૂર્ણ થતાં)
નિવર્તતે	પુનર્જન્મને પ્રાપ્ત કરે છે (અગ્નિહોત્રાદિ કર્મ ભગવદર્પણાત્મક કર્મરૂપે નહીં કરી સાત્ત્વિકી-ભગવદુપાસના થકી ક્રમમુક્તિરૂપ સાત્ત્વિકી ગતિને પામે છે, પુનર્જન્મને આપનાર કામ્ય કર્મો વડે ચન્દ્રલોકને પ્રાપ્ત કરી ત્યાં સુખભોગના અનન્તર એની લોકમાં પુનરાવૃત્તિ રૂપ રાજસી ગતિને પામે છે, નિષિદ્ધકર્મો વડે નરકભોગના અનન્તર આ લોકમાં પુનરાવૃત્તિરૂપ તામસી ગતિને પામે છે અને કોઈ પણ પ્રકારના શાસ્ત્રનિર્દિષ્ટ કર્મો નહીં કરીને માત્ર દેહપોષણ યા કામભોગ અર્થેના જ ક્ષુદ્રકર્મો કરનારની આ લોકમાં જ વારં-વાર જન્મ-મરણ, જન્મ-મરણ, જન્મ-મરણ એમ આવૃત્તિરૂપ ગતિ થાય છે) ॥ ૨૫ ॥

ભાવાર્થ – (હવે સકામ અગ્નિહોત્રાદિ કર્મ કરનારાના આવૃત્તિ કાલરૂપને જણાવે છે -) (અગ્નિ નિર્મિત તાપરૂપ, પ્રતિબન્ધરૂપ) ધૂમ (ધુમ્મસ), રાત્રિ-નિશા, તથા કૃષ્ણપક્ષ (વદ), દક્ષિણાયનના (કર્કના સૂર્યથી ધનના સૂર્ય પર્યન્તના) છ મહિના, તે (કાલમાં) સકામ કર્મ કરનારા શીતલાત્મક સ્વર્ગ વગેરે લોક સંબન્ધી સુખને પ્રાપ્ત કરીને (સુખભોગ પૂર્ણ થતાં) પુનર્જન્મને પ્રાપ્ત કરે છે (અગ્નિહોત્રાદિ કર્મ ભગવદર્પણાત્મક કર્મરૂપે નહીં કરી સાત્ત્વિકી-ભગવદુપાસના થકી ક્રમમુક્તિરૂપ સાત્ત્વિકી ગતિને પામે છે, પુનર્જન્મને આપનાર કામ્ય કર્મો વડે ચન્દ્રલોકને પ્રાપ્ત કરી ત્યાં સુખભોગના અનન્તર એની લોકમાં પુનરાવૃત્તિ રૂપ રાજસી ગતિને પામે છે, નિષિદ્ધકર્મો વડે નરકભોગના અનન્તર આ લોકમાં પુનરાવૃત્તિરૂપ તામસી ગતિને પામે છે અને કોઈ પણ પ્રકારના શાસ્ત્રનિર્દિષ્ટ કર્મો નહીં કરીને માત્ર દેહપોષણ યા કામભોગ અર્થેના જ ક્ષુદ્રકર્મો કરનારની આ લોકમાં જ વારં-વાર જન્મ-મરણ, જન્મ-મરણ, જન્મ-મરણ એમ આવૃત્તિરૂપ ગતિ થાય છે) ॥ ૨૫ ॥

(બન્ને કાલ સ્વરૂપ કહીને હવે ઉપસંહાર કરે છે -)

શુક્લ કૃષ્ણે ગતી હ્યેતે જગતઃ શાશ્વતે મતે ।
એકયા યાત્યનાવૃત્તિં અન્યયાવર્તતે પુનઃ ॥ ૨૬ ॥

અન્વય	અર્થ
હિ	જેથી કરીને
જગતઃ	જગતના (જ્ઞાનપ્રકાશને પામનારા અને ગમનાગમન કરનારા બે પ્રકારના અધિકારીઓ માટેના)
એ તે	આ બે (શુક્લ-અર્ચિરાદિ તથા કૃષ્ણ-ધૂમાદિ)
ગતી	માર્ગો
શાશ્વતે	સનાતન-અનાદિ
મતે	(મારા મતે) માનવામાં આવ્યા છે, (જે પૈકી)
એકયા	(પૂર્વ કહ્યા મુજબ) એક વડે (શુક્લ ગતિ વડે)
અનાવૃત્તિમ્	અનાવૃત્તિને-અપુનર્ભવને
યાતિ	પ્રાપ્ત થાય છે (અને)
અન્યયા	બીજી (કૃષ્ણગતિ) વડે

પુનઃ	(ભોગસ્થાનમાં ભોગો ભોગવી આ લોકમાં) પાછા
વર્તતે	આવે છે (તેનું પુનરાવર્તન થાય છે) ॥ ૨૬ ॥

ભાવાર્થ – જેથી કરીને જગતના (જ્ઞાનપ્રકાશને પામનારા અને ગમનાગમન કરનારા બે પ્રકારના અધિકારીઓ માટેના) આ બે (શુક્લ-અર્ચિરાદિ તથા કૃષ્ણ-ધૂમાદિ) માર્ગો સનાતન-અનાદિ (મારા મતે) માનવામાં આવ્યા છે, (જે પૈકી) (પૂર્વ કહ્યા મુજબ) એક વડે (શુક્લ ગતિ વડે) અનાવૃત્તિને-અપુનર્ભવને પ્રાપ્ત થાય છે (અને) બીજી (કૃષ્ણગતિ) વડે (ભોગસ્થાનમાં ભોગો ભોગવી આ લોકમાં) પાછા આવે છે (તેનું પુનરાવર્તન થાય છે) ॥ ૨૬ ॥

નૈતે સૃતી પાર્થ જાનન્ યોગી મુહ્યતિ કશ્ચન ।
તસ્માત્ સર્વેષુ કાલેષુ યોગયુક્તો ભવાર્જુન ॥ ૨૭॥

અન્વય	અર્થ
પાર્થ	હે મારો ભક્ત પૃથાનો પુત્ર અર્જુન !
એતે	આ (શુક્લ-કૃષ્ણ) બન્ને
સૃતી	માર્ગોને
જાનન્	જાણતાં (એકનું સંસાર અને બીજાનું મોક્ષ ફલ જાણતાં)
કશ્ચન	કોઈ પણ
યોગી	મારા સમ્બન્ધી યોગવાળો યોગી
મુહ્યતિ	(મારા સમ્બન્ધથી રહિત એવા યોગવાળો થવાના) મોહને
ન	પામતો નથી (સકામ બનીને કેવલયોગ વગેરેમાં આસક્તિવાળો થતો નથી)

તસ્માત્	તેથી કરીને (મેં કહેલા જ્ઞાનથી યુક્ત સર્વત્ર મોહરહિત રહેતાં)
અર્જુન	(મોક્ષજાતીયનામયુક્ત) હે અર્જુન !
સર્વેષુ	લૌકિક-અલૌકિક સર્વ અથવા પૂર્વમાં કહેવાઇ ગયેલા
કાલેષુ	કાલમાં
યોગયુક્તઃ	મારા સમ્બન્ધવાળા એવા યોગથી યુક્ત
ભવ	થા (બન) (માત્ર પ્રયાણ કાલમાં જ નહીં પણ સર્વ કાલમાં મારા સમ્બન્ધવાળા એવા યોગથી યુક્ત થા) ॥ ૨૭ ॥

ભાવાર્થ – હે મારો ભક્ત પૃથાનો પુત્ર અર્જુન ! આ (શુક્લ-કૃષ્ણ) બન્ને માર્ગોને જાણતાં (એકનું સંસાર અને બીજાનું મોક્ષ ફલ જાણતાં) કોઈ પણ મારા સમ્બન્ધી યોગવાળો યોગી (મારા સમ્બન્ધથી રહિત એવા યોગવાળો થવાના) મોહને પામતો નથી (સકામ બનીને કેવલયોગ વગેરેમાં આસક્તિવાળો થતો નથી) તેથી કરીને (મેં કહેલા જ્ઞાનથી યુક્ત સર્વત્ર મોહરહિત રહેતાં) (મોક્ષજાતીયનામયુક્ત) હે અર્જુન ! લૌકિક-અલૌકિક સર્વ અથવા પૂર્વમાં કહેવાઇ ગયેલા કાલમાં મારા સમ્બન્ધવાળા એવા યોગથી યુક્ત થા (બન) (માત્ર પ્રયાણ કાલમાં જ નહીં પણ સર્વ કાલમાં મારા સમ્બન્ધવાળા એવા યોગથી યુક્ત થા) ॥ ૨૭ ॥

આ પ્રમાણે અર્જુનના આઠ પ્રશ્નોના ઉત્તરને કહીને આ આઠમા અધ્યાયના જ્ઞાનવાળા યોગીને સર્વકાલ પ્રાપ્તિ જણાવીને હવે ઉપસંહાર કરે છે -

વેદેષુ યજ્ઞેસુ તપસ્સુ ચૈવ
દાનેષુ યત્ પુણ્યફલં પ્રદિષ્ટમ્ ।
અત્યેતિ તત્ સર્વમિદં વિદિત્વા

યોગી પરં સ્થાનમુપૈતિ ચાદ્યમ્ ॥ ૨૮ ॥

અન્વય	અર્થ
યોગી	મારાયોગથી યુક્ત એવો યોગી
ઈદમ્	આ (સમસ્ત આઠમા અધ્યાયના અર્થને)
વિદિત્વા	જાણીને
વેદેષુ	વેદોમાં-વેદના અધ્યયનાદિ વડે થનાર,
યજ્ઞેષુ	યજ્ઞોમાં-યજ્ઞના અનુષ્ઠાન વગેરે વડે થનાર,
ચ	તથા
તપઃ સુ	વિવિધ તપમાં-પરમ સન્તાપરૂપ ક્લેશ સહન કરવા વડે થનાર,
દાનેષુ	જુદાં-જુદાં દાનોમાં-તુલા પુરુષ વગેરે વડે થનાર
યત્	જે
પુણ્યફલમ્	પુણ્યનું ફલ
પ્રદિષ્ટમ્	કહેવામાં આવ્યું છે
તત્	તે
સર્વમ્	સર્વ (ફલ)ને
એવ	નિઃસન્દેહ
અત્યેતિ	અતિક્રમી (ફલનું અતિક્રમણ કરી) જાય છે
ચ	અને

પરમ્	મારી સેવા સ્વરૂપનું
આદ્યમ્	સકલ કારણરૂપ
સ્થાનમ્	મારા ચરણાત્મક સ્થાન-મારા ધામને
ઉથૈતિ	પ્રાપ્ત કરે છે ॥ ૨૮ ॥

ભાવાર્થ – મારા યોગથી યુક્ત એવો યોગી આ (સમસ્ત આઠમા અધ્યાયના અર્થને) જાણીને વેદોમાં-વેદના અધ્યયનાદિ વડે થનાર, યજ્ઞોમાં-યજ્ઞના અનુષ્ઠાન વગેરે વડે થનાર, તથા વિવિધ તપમાં-પરમ સન્તાપરૂપ ક્લેશ સહન કરવા વડે થનાર, જુદાં-જુદાં દાનોમાં-તુલા પુરુષ વગેરે વડે થનાર જે પુણ્યનું ફલ કહેવામાં આવ્યું છે તે સર્વ (ફલ)ને નિઃસન્દેહ અતિક્રમી (ફલનું અતિક્રમણ કરી) જાય છે અને મારી સેવા સ્વરૂપનું સકલ કારણરૂપ મારા ચરણાત્મક સ્થાન-મારા ધામને પ્રાપ્ત કરે છે ॥ ૨૮ ॥

ઈતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અક્ષરબ્રહ્મયોગો નામ અષ્ટમોડધ્યાયઃ ॥ ૮ ॥